★ **Consider the following dataset and then answer the question no. 032 To 035 given below it.**

નીચેના ડેટાસેટ પર વિચાર કરો અને પછી નીચે આપેલા પ્રશ્ન 032 થી 035 ના જવાબ આપો.

Year	Govt canals	Private canals	Tanks	Tube wells	Other sources	Total
વર્ષ	સરકારી નહેર	ખાનગી નહેર	તળાવો	ટ્યુબવેલ	અન્ય સ્ત્રોત	કુલ
1997-98	17117	211	2593	32090	3102	55173
1998-99	17093	212	2792	33988	3326	57411
1999-00	16842	194	2535	34623	2915	57109
2000-01	15748	203	2449	33796	2880	55076
2001-02	15031	209	2179	34906	4347	56672
2002-03	13863	206	1802	34250	3657	53778
2003-04	14444	206	1908	35779	4281	56618
2004-05	14696	206	1727	34785	7453	58867
2005-06	15268	207	2034	35372	7314	60196

Downloaded from websankul.com

032. Which of the following sources of Irrigation has registered the largest percentage of decline in Net area under irrigation during 1997-98 to 2005-06 ?

(A) Government canals (B) Private canals

(C) Tanks (D) Other sources

1997-98 થી 2005-06 દરમિયાન સિંચાઈ હેઠળના ચોખ્ખા વિસ્તારમાં ટકાવારીની દ્રષ્ટિએ સૌથી વધુ ઘટાડો નીચેનામાંથી કયા સિંચાઈ સ્રોતમાં નોંધાયો છે?

(A) સરકારી કેનાલો (B) ખાનગી કેનાલો

(C) તળાવો (D) અન્ય સ્રોતો

033. Find out the source of Irrigation that has registered the maximum improvement in terms of percentage of Net irrigated area during 2002-03 to 2003-04.

(A) Government canals (B) Tanks

(C) Tube wells (D) Other sources

2002-03 થી 2003-04 દરમિયાન ચોખ્ખા સિંચાઈવાળા વિસ્તારની ટકાવારીની દ્રષ્ટિએ સૌથી વધુ સુધારો નોંધાવનાર સિંચાઈનો સ્રોત શોધો.

(A) સરકારી કેનાલો (B) તળાવો

(C) ટ્યુબવેલ (D) અન્ય સ્રોતો

034. In which of the following years, Net irrigation by tanks increased at the highest rate?

(A) 1998-99 (B) 2000-01

(C) 2003-04 (D) 2005-06

નીચેનામાંથી કયા વર્ષમાં, તળાવો દ્વારા થતી ચોખ્ખી સિંચાઈમાં સૌથી વધુ દરે વધારો થયો હતો?

(A) 1998-99 (B) 2000-01

(C) 2003-04 (D) 2005-06

035. Identify the source of Irrigation that has recorded the maximum incidence of negative growth in terms of Net irrigated area during the years given in the table.

(A) Government canals (B) Private canals

(C) Tube wells (D) Other sources

કોષ્ટકમાં આપેલા વર્ષો દરમિયાન ચોખ્ખા સિંચાઈવાળા વિસ્તારના સંદર્ભમાં નકારાત્મક વૃદ્ધિના સૌથી વધુ બનાવો નોંધાવનાર સિંચાઈનો સ્રોત ઓળખો.

(A) સરકારી કેનાલો (B) ખાનગી કેનાલો

(C) ટ્યુબવેલ (D) અન્ય સ્રોતો

Downloaded from websankul.com

★ **Consider the following description and then answer the question no. 036 To 039 given below it.**

નીચેના વર્ણન પર વિચાર કરો અને પછી નીચે આપેલા પ્રશ્ન 036 થી 039 ના જવાબ આપો.

P, Q, R, S, T, X and Y are the only seven members of a family, comprising two lecturers, two doctors, one lawyer, one manager and one engineer. It is also known that:

I. There are exactly two married couples in the family.
II. S, who is an engineer, is married to a doctor.
III. No female member of the family is either an engineer or a manager.
IV. R, who is a lecturer, is married to P, a doctor.
V. No male member of the family is a lecturer.
VI. Y is married to S. The lawyer in the family is a male.
VII. Neither Q nor X is a lecturer.

નીચે આપેલ માહિતીના આધારે પ્રશ્નોના જવાબ આપો.

P, Q, R, S, T, X અને Y એક પરિવારના માત્ર સાત સભ્યો છે, જેમાં બે વ્યાખ્યાતા, બે ડોક્ટર, એક વકીલ, એક મેનેજર અને એક ઈજનેરનો સમાવેશ થાય છે. તે પણ જાણીતું છે કે:

I. કુટુંબમાં બરાબર બે પરિણીત યુગલો છે.
II. S, જે એક ઈજનેર છે, તેણે તબીબ સાથે લગ્ન કર્યા છે.
III. પરિવારની કોઈ પણ મહિલા સભ્ય ઈજનેર કે મેનેજર નથી.
IV. R, જે લેક્ચરર છે, તેણે P (તબીબ) સાથે લગ્ન કર્યા છે.
V. પરિવારનો કોઈ પુરુષ સભ્ય વ્યાખ્યાતા નથી.
VI. Y એ S સાથે લગ્ન કર્યા છે. પરિવારમાં વકીલ પુરુષ છે.
VII. Q કે X એ વ્યાખ્યાતા નથી.



036. How many female members are there in the family?
(A) 4 (B) 3
(C) 2 (D) None of these

કુટુંબમાં કેટલા મહિલા સભ્યો છે?
(A) 4 (B) 3
(C) 2 (D) આમાંથી કોઈ નહિ

037. Which of the following combinations of the member and his/her profession can be correct?
(A) Q Doctor (B) T Manager
(C) X Lecturer (D) Y- Doctor

સભ્ય અને તેના વ્યવસાયનું નીચેનામાંથી કયું સંયોજન સાચું હોઈ શકે?
(A) Q તબીબ (B) T મેનેજર
(C) X વ્યાખ્યાતા (D) Y- તબીબ

Downloaded from websankul.com

038. Who among the following are lecturers?

(A) R and T
(B) R and Q
(C) T and Y
(D) T and S

નિમ્ન પૈકી વ્યાખ્યાતાઓ કોણ છે?

(A) R અને T
(B) R અને Q
(C) T અને Y
(D) T અને S

039. What is the profession of Q?

(A) Lawyer
(B) Manager
(C) Lecturer
(D) Either (A) or (B)

Q નો વ્યવસાય શું છે?

(A) વકીલ
(B) મેનેજર
(C) વ્યાખ્યાતા
(D) (A) અથવા (B)

040. If the length and breadth of a rectangle are each increased by 1%, the approximate percentage increase in its area will be _____.

(A) 0
(B) 1
(C) 2
(D) 4

જ્યારે લંબચોરસની લંબાઈ અને પહોળાઈ પ્રત્યેક ને 1% વધારવામાં આવે છે, ત્યારે લંબચોરસના ક્ષેત્રફળમાં વૃદ્ધિની ટકાવારી આશરે _____ થશે.

(A) 0
(B) 1
(C) 2
(D) 4

041. There are 10 questions in an examination. Each has two answer options true or false. Then these questions can be answered in how many ways?

(A) 20 ways
(B) 100 ways
(C) 240 ways
(D) 1024 ways

પરીક્ષામાં 10 પ્રશ્નો હોય છે. દરેક પ્રશ્નના જવાબ માટે બે વિકલ્પો હોય છે, સાચા કે ખોટા. તો પછી આ પ્રશ્નોના જવાબ કેટલી રીતે આપી શકાય?

(A) 20 રીતે
(B) 100 રીતે
(C) 240 રીતે
(D) 1024 રીતે

Downloaded from websankul.com

042. In an examination, 35% of the total students failed in Hindi, 45% failed in English and 20% in both. The percentage of those who passed in both subjects is

(A) 10 (B) 20

(C) 30 (D) 40

એક પરીક્ષામાં, કુલ વિદ્યાર્થીઓમાંથી 35% હિન્દીમાં, 45% અંગ્રેજીમાં અને 20% બંને વિષયમાં નાપાસ થયા. બંને વિષયોમાં પાસ થનાર વિદ્યાર્થીઓની ટકાવારી કેટલી છે?

(A) 10 (B) 20

(C) 30 (D) 40

043. Two numbers are in the ratio 3 : 5. If 9 is subtracted from the numbers, the ratio becomes 12 : 23. The numbers are

(A) 30, 50 (B) 36, 60

(C) 33, 55 (D) 42, 70

બે સંખ્યાઓ 3 : 5 ના ગુણોત્તરમાં છે. જો તે સંખ્યાઓમાંથી 9 બાદ કરવામાં આવે, તો ગુણોત્તર 12 : 23 થાય છે. તે સંખ્યાઓ કઈ છે?

(A) 30, 50 (B) 36, 60

(C) 33, 55 (D) 42, 70

044. The mean of the ages of father and his son is 27 years. After 18 years, father will be twice as old as his son. Their present ages are

(A) 42, 12 (B) 40, 14

(C) 30, 24 (D) 36, 18

પિતા અને તેમના પુત્રની ઉંમરની સરેરાશ 27 વર્ષ છે. 18 વર્ષ પછી, પિતાની ઉંમર તેમના પુત્રની ઉંમર કરતાં બમણી હશે. તેમની વર્તમાન ઉંમર કેટલી છે?

(A) 42, 12 (B) 40, 14

(C) 30, 24 (D) 36, 18

045. A person writes all numbers from 50 to 99 without the digits 2 and 7. How many numbers have been written ?

(A) 40 (B) 36

(C) 32 (D) 38

કોઈ વ્યક્તિ 2 અને 7 અંકોનો ઉપયોગ કર્યા વિના 50 થી 99 સુધીની તમામ સંખ્યાઓ લખે છે, તો તેના દ્વારા કેટલી સંખ્યાઓ લખવામાં આવી હશે?

(A) 40 (B) 36

(C) 32 (D) 38

Downloaded from websankul.com

046. If a large diamond is cut up into little bits, it will lose its value just as an army is divided up into small units of soldiers, it loses its strength.
The argument put above may be called as
(A) Analogical
(B) Deductive
(C) Statistical
(D) Causal

જો કોઈ મોટા હીરાને નાના ટુકડાઓમાં કાપવામાં આવે, તો તે મૂલ્ય ગુમાવે છે, જેમ લશ્કરને સૈનિકોની નાની નાની ટુકડીઓમાં વહેંચવામાં આવે તો તે તેની શક્તિ ગુમાવે છે.
ઉપર આપેલ દલીલને શું કહી શકાય?
(A) સાદ્રશ્યસૂચક
(B) નિગમનાત્મક
(C) આંકડાકીય
(D) કારણાત્મક

047. The mean marks obtained by a class of 40 students is 65. The mean marks of half of the students is found to be 45. The mean marks of the remaining students is
(A) 65 (B) 60
(C) 70 (D) 85

40 વિદ્યાર્થીઓના એક વર્ગ દ્વારા મેળવેલ સરેરાશ ગુણ 65 છે. અડધા વિદ્યાર્થીઓના ગુણની સરેરાશ 45 માલૂમ પડે છે. બાકીના વિદ્યાર્થીઓના ગુણની સરેરાશ કેટલી હશે?
(A) 65 (B) 60
(C) 70 (D) 85

048. In a row, Yash is 12th from the left end, while Rima is 47th from the right end and 11th to the right of Monu. Find out the total number of persons in this queue?
(A) 65 (B) 83
(C) 94 (D) Can't be determined

એક હરોળમાં, યશ ડાબા છેડેથી 12મા સ્થાને છે, જ્યારે રીમા જમણા છેડેથી 47મા સ્થાને છે અને મોનૂની જમણી બાજુ 11મા સ્થાને છે. આ હરોળમાં કુલ વ્યક્તિઓની સંખ્યા શોધો.
(A) 65 (B) 83
(C) 94 (D) નક્કી કરી શકાય નહીં

Downloaded from websankul.com

049. In a code, 125 is written as 512, and 343 is written as 1000. How is 729 written?

(A) 1331 (B) 1728

(C) 2197 (D) 2744

એક સાંકેતિક ભાષા માં, 125 ને 512 તરીકે અને 343 ને 1000 તરીકે લખવામાં આવે છે. તો 729 ને કેવી રીતે લખવામાં આવશે?

(A) 1331 (B) 1728

(C) 2197 (D) 2744

050. What is the two-digit number?

Statement: I. The sum of the digit is 7.

Statement: II. The difference between the numbers and the number obtained by interchanging the digit is 9.

Statement: III. The digit in the 10th place is bigger than the digit in the unit placed by 1.

Study the question and these statements and decide which of these statements is/are necessary to answer the given question:

(A) I and II only

(B) II and III only

(C) I and III only

(D) None of these.

પ્રશ્ન : બે અંકની સંખ્યા કઈ છે?

વિધાનઃ I. અંકોનો સરવાળો 7 છે.

વિધાનઃ II. તે સંખ્યા અને તેના અંકોની અદલાબદલી કરીને મેળવેલ સંખ્યા વચ્ચેનો તફાવત 9 છે.

વિધાનઃ III. દશકના સ્થાનનો અંક એકમના સ્થાનના અંક કરતાં 1 મોટો છે.

પ્રશ્ન અને આ વિધાનોનો અભ્યાસ કરો અને નક્કી કરો કે આપેલા પ્રશ્નનો જવાબ આપવા માટે આમાંથી કયું/કયા વિધાન/વિધાનો જરૂરી છે:

(A) માત્ર I અને II

(B) માત્ર II અને III

(C) માત્ર I અને III

(D) આમાંથી કોઈ નહીં.

Downloaded from websankul.com

051. There are 8 students A, B, C, D, E, F, G and H in a class. Of these students, B, C, D, and E play Football and rest play Cricket. Only A, C, F and H play Guitar and rest play Piano. Only A, C, E and G participate in Drama and the rest participate in Dance. Which of the following play Cricket and Guitar, and participate in Dance:

(A) A and F

(B) F and H

(C) B and C

(D) A, F and H

એક વર્ગમાં 8 વિદ્યાર્થીઓ A, B, C, D, E, F, G અને H છે. આ વિદ્યાર્થીઓમાંથી, B, C, D, અને E ફૂટબોલ રમે છે અને બાકીના ક્રિકેટ રમે છે. માત્ર A, C, F અને H ગિટાર વગાડે છે અને બાકીના પિયાનો વગાડે છે. માત્ર A, C, E અને G નાટકમાં ભાગ લે છે અને બાકીના નૃત્યમાં ભાગ લે છે. નીચેનામાંથી કયા વિદ્યાર્થીઓ ક્રિકેટ રમે છે અને ગિટાર વગાડે છે તે ઉપરાંત નૃત્યમાં ભાગ લે છે:

(A) A અને F

(B) F અને H

(C) B અને C

(D) A, F અને H

052. Aarav participates in meditation sessions every 9th day, Kavya teaches at the local school every 16th day, and Siddharth helps with community clean-ups every 12th day. If they all encountered an auspicious event during a River Festival, which occurs on a Sunday, then on which day of the week will they reunite again?

(A) Monday

(B) Tuesday

(C) Wednesday

(D) Thursday

આરવ દર 9માં દિવસે ધ્યાન સત્રમાં ભાગ લે છે, કાવ્યા દર 16મા દિવસે સ્થાનિક શાળામાં ભણાવે છે, અને સિદ્ધાર્થ દર 12મા દિવસે સામૂહિક સફાઈ કાર્યમાં મદદ કરે છે. જો એક રવિવારે યોજાતા નદી મહોત્સવ દરમિયાન એક શુભ પ્રસંગે તે બધા ભેગા થયા હતા, તો તે કયા સપ્તાહના કયા દિવસે એકસાથે મળશે?

(A) સોમવાર

(B) મંગળવાર

(C) બુધવાર

(D) ગુરૂવાર

Downloaded from websankul.com

053. If RAT is coded as 22320, then how would BROWN be coded?

(A) 167719914

(B) 162517204

(C) 167172092

(D) 920771645

જો RAT ને 22320 તરીકે કોડ કરવામાં આવે છે, તો BROWN ને કેવી રીતે કોડ કરવામાં આવશે?

(A) 167719914

(B) 162517204

(C) 167172092

(D) 920771645

054. The item given below has a question and followed by two statements.

Question: Total amount of Rs. 38500 was distributed among Praveen, Ranjan and Nitesh. How much does each get?

A : Praveen gets 2/9 of what the other two get.

B : Ranjan gets 3/11 of what the other two get.

Answer the question using the following instructions.

(A) If the question can be answered by using one of the statements alone but not by using other statement alone.

(B) If the question can be answered by using either of the statements alone.

(C) If the question can be answered by using both statements together but not by either statement alone.

(D) If the question cannot be answered on the basis of the two statements.

નીચે આપેલી બાબતમાં એક પ્રશ્ન અને તેના પછી બે વિધાનો આપેલા છે.

પ્રશ્ન: પ્રવીણ, રંજન અને નિતેશ વચ્ચે કુલ Rs. 38500 ની રકમ વહેંચવામાં આવી હતી. દરેકને કેટલા રૂપિયા મળશે?

A: પ્રવીણને બાકીના બે લોકોને મળેલી રકમના 2/9 ભાગ મળે છે.

B: રંજનને બાકીના બે લોકોને મળેલી રકમના 3/11 ભાગ મળે છે.

નીચેની સૂચનાઓનો ઉપયોગ કરીને પ્રશ્નનો જવાબ આપો.

(A) જો માત્ર એક વિધાનનો ઉપયોગ કરીને પ્રશ્નનો જવાબ આપી શકાતો હોય, પરંતુ બીજા વિધાનનો એકલા ઉપયોગ કરીને આપી શકાતો ન હોય.

(B) જો બેમાંથી કોઈ પણ એક વિધાનનો એકલા ઉપયોગ કરીને પ્રશ્નનો જવાબ આપી શકાતો હોય.

(C) જો બંને વિધાનોનો એકસાથે ઉપયોગ કરીને પ્રશ્નનો જવાબ આપી શકાતો હોય, પરંતુ કોઈ પણ એક વિધાનથી એકલા આપી શકાતો ન હોય.

(D) જો બંને વિધાનોના આધારે પ્રશ્નનો જવાબ આપી શકાતો ન હોય.

Downloaded from websankul.com

055. A group of workers was put on a job. From the second day onwards, one worker was withdrawn each day. The job was finished when the last worker was withdrawn. Had no worker been withdrawn at any stage, the group would have finished the job in two-third the time. How many workers were there in the group?

(A) 2 (B) 3

(C) 5 (D) 11

કામદારોના એક જૂથને કામ પર રાખવામાં આવ્યું હતું. બીજા દિવસથી શરૂ કરીને, દરરોજ એક કામદારને કામ પરથી દૂર કરવામાં આવતો હતો. જ્યારે છેલ્લો કામદાર દૂર થયો ત્યારે કામ પૂરું થયું. જો કોઈ પણ તબક્કે કોઈ કામદારને દૂર કરવામાં આવ્યો ન હોત, તો જૂથે તે કામ બે-તૃતીયાંશ (2/3) સમયમાં પૂરું કરી લીધું હોત. જૂથમાં કેટલા કામદારો હતા?

(A) 2 (B) 3

(C) 5 (D) 11

056. In a 200 m race, A beats S by 20 m and N by 40 m. If S and N run a 100 m race at the same speeds as before, by how many metres will S beat N?

(A) 11.11 m

(B) 10.25 m

(C) 12.20 m

(D) 25.15 m

200 મી. ની દોડમાં, A એ S ને 20 મી. થી અને N ને 40 મી. થી હરાવે છે. જો S અને N પહેલાં જેટલી જ ઝડપે 100 મી. ની દોડ દોડે છે, તો S એ N ને કેટલા મીટરથી હરાવશે?

(A) 11.11 મી.

(B) 10.25 મી.

(C) 12.20 મી.

(D) 25.15 મી.

057. x and y are real numbers satisfying the conditions $2 < x < 3$ and $-8 < y < -7$. Which of the following expressions will have the least value?

(A) x^2y (B) xy^2

(C) $5xy$ (D) cannot be determined.

x અને y એ $2 < x < 3$ અને $-8 < y < -7$ શરતોનું પાલન કરતી વાસ્તવિક સંખ્યાઓ છે. નીચેનામાંથી કઈ પદાવલિનું મૂલ્ય સૌથી ઓછું (ન્યૂનતમ) હશે?

(A) x^2y (B) xy^2

(C) $5xy$ (D) નક્કી ન કરી શકાય.

Downloaded from websankul.com

058. A, B, C, D, ... X, Y, and Z are players participating in a tournament. Each player plays exactly one match against every other player. A win earns 2 points, a draw earns 1 point, and a loss earns 0 points. No match ends in a draw, and no two players have the same score. At the end of the tournament, the final ranking is published and it follows the alphabetical order of the players. Then, _____.

(A) M wins over N

(B) N wins over M

(C) Tie between M and N

(D) cannot be determined.

A, B, C, D, ... X, Y, અને Z એ એક પ્રતિયોગિતામાં ભાગ લેતા ખેલાડીઓ છે. દરેક ખેલાડી અન્ય દરેક ખેલાડી સામે બરાબર એક મેચ રમે છે. જીત માટે 2 પોઈન્ટ, ડ્રો માટે 1 પોઈન્ટ અને હાર માટે 0 પોઈન્ટ મળે છે. કોઈ પણ મેચ ડ્રોમાં પરિણમતી નથી, અને કોઈ પણ બે ખેલાડીઓના સ્કોર સરખા નથી. પ્રતિયોગિતાના અંતે, અંતિમ રેન્કિંગ બહાર પાડવામાં આવે છે અને તે ખેલાડીઓના કક્કાવારી (A-Z) ક્રમ અનુસાર જ છે. તો, _____.

(A) M એ N સામે જીતે છે

(B) N એ M સામે જીતે છે

(C) M અને N વચ્ચે ટાઈ થાય છે

(D) નક્કી ન કરી શકાય.

059. L.C.M. of three natural numbers 12, 36 and X is 180. How many possible values can X attain?

(A) 8

(B) 10

(C) 12

(D) 9

ત્રણ પ્રાકૃતિક સંખ્યાઓ 12, 36 અને X નો લ.સા.અ. (L.C.M.) 180 છે. X ના કેટલા શક્ય મૂલ્યો હોઈ શકે?

(A) 8

(B) 10

(C) 12

(D) 9

Downloaded from websankul.com

060. A telecom service provider engages male and female operators for answering 1000 calls per day. A male operator can handle 40 calls per day whereas a female operator can handle 50 calls per day. The male and the female operators get a fixed wage of Rs. 250 and Rs. 300 per day respectively. In addition, a male operator gets Rs. 15 per call he answers and female operator gets Rs. 10 per call she answers. To minimize the total cost, how many male operators should the service provider employ assuming he has to employ more than 7 of the 12 female operators available for the job?

(A) 15
(B) 14
(C) 12
(D) 10

એક ટેલિકોમ સેવા પ્રદાતા દરરોજ 1000 કોલના જવાબ આપવા માટે પુરુષ અને મહિલા ઓપરેટરો નોકરીમાં રાખે છે. એક પુરુષ ઓપરેટર દરરોજ 40 કોલ સંભાળી શકે છે જ્યારે એક મહિલા ઓપરેટર દરરોજ 50 કોલ સંભાળી શકે છે. પુરુષ અને મહિલા ઓપરેટરોને અનુક્રમે Rs. 250 અને Rs. 300 નું નિશ્ચિત દૈનિક વેતન મળે છે. આ ઉપરાંત, પુરુષ ઓપરેટરને ઉત્તર આપેલા કોલ દીઠ Rs. 15 અને મહિલા ઓપરેટરને કોલ દીઠ Rs. 10 મળે છે. કુલ ખર્ચ ન્યૂનતમ કરવા માટે, સેવા પ્રદાતાએ કેટલા પુરુષ ઓપરેટરોને કામ પર રાખવા જોઈએ, એ ધારીને કે તેણે ઉપલબ્ધ 12 મહિલા ઓપરેટરોમાંથી 7 કરતાં વધુ મહિલા ને કામ પર રાખવાની છે?

(A) 15
(B) 14
(C) 12
(D) 10



061. The following question is followed by two statements, I and II. Examine the statements and answer the question using the instructions given below.

Question: What is the cost price of the article?

Statement I: After selling the article, a loss of 25% on cost price is incurred.

Statement II: The selling price is three-fourths of the cost price.

Select the correct answer using the code given below:

(A) If the question cannot be answered even with the help of both the statements taken together.
(B) If the question can be answered by any one of the two statements alone.
(C) If each statement alone is sufficient to answer the question, but not the other one.
(D) If both statements I and II together are needed to answer the question.

Downloaded from websankul.com

નીચેના પ્રશ્ન પછી બે વિધાનો I અને II આપેલા છે. વિધાનો તપાસો અને નીચે આપેલી સૂચનાઓનો ઉપયોગ કરીને પ્રશ્નનો જવાબ આપો.

પ્રશ્ન: વસ્તુની મૂળ કિંમત કેટલી છે?

વિધાન I: વસ્તુ વેચ્યા પછી, મૂળ કિંમત પર 25% ની ખોટ થાય છે.

વિધાન II: વેચાણ કિંમત એ મૂળ કિંમતના ત્રણ-ચતુર્થાંશ (3/4) ગણી છે.

નીચે આપેલા કોડનો ઉપયોગ કરીને સાચો જવાબ પસંદ કરો:

(A) જો બંને વિધાનોની મદદથી પણ પ્રશ્નનો જવાબ આપી શકાતો ન હોય.

(B) જો બેમાંથી કોઈ પણ એક વિધાનથી એકલા પ્રશ્નનો જવાબ આપી શકાતો હોય.

(C) જો દરેક વિધાન એકલું પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતું હોય, પરંતુ બીજું નહીં.

(D) જો પ્રશ્નનો જવાબ આપવા માટે વિધાન I અને II બંનેની એકસાથે જરૂર હોય.

062. Manoj celebrated his birthday on Saturday, 7th March, 2004. When will he celebrate his next birthday on the same day?

(A) 2009 (B) 2010

(C) 2011 (D) 2012

મનોજે તેનો જન્મદિવસ શનિવાર, 7 માર્ચ, 2004 ના રોજ ઉજવ્યો હતો. તે તેનો આગામી જન્મદિવસ એ જ વારે ક્યારે ઉજવશે?

(A) 2009 (B) 2010

(C) 2011 (D) 2012

063. A swimming pool has 3 drain pipes. The first two pipes A and B, operating simultaneously, can empty the pool in half the time that C, the third pipe, alone takes to empty it. Pipe A, working alone, takes half the time taken by pipe B. The third pipe C takes 6 hours 40 minutes to empty the pool. Time taken by pipe A to empty the pool (in hours) is?

(A) 5 (B) 10

(C) 15 (D) None of the above

એક સ્વિમિંગ પૂલમાં 3 ડ્રેઇન (ખાલી કરવાના) પાઇપ છે. પહેલા બે પાઇપ A અને B, એકસાથે કામ કરીને, પૂલને ખાલી કરવામાં ત્રીજા પાઇપ C ને એકલા લાગતા સમય કરતા અડધો સમય લે છે. પાઇપ A, એકલા કામ કરીને, પાઇપ B દ્વારા લેવાતા સમય કરતા અડધો સમય લે છે. ત્રીજો પાઇપ C પૂલને ખાલી કરવામાં 6 કલાક 40 મિનિટ લે છે. તો પાઇપ A દ્વારા પૂલને ખાલી કરવામાં કેટલો સમય (કલાકમાં) લાગશે?

(A) 5 (B) 10

(C) 15 (D) ઉક્તમાંથી એકેય નહિ.

Downloaded from websankul.com

064. The cost of 2.5 kg rice is Rs 125. The cost of 9 kg rice is equal to that of 4 kg pulses. The cost of 14 kg pulses is equal to that of 1.5 kg tea. The cost of 2 kg tea is equal to that of 5 kg nuts. What is the cost of 11 kg nuts?

(A) Rs 2310
(B) Rs 3190
(C) Rs 4070
(D) Rs 4620

2.5 kg ચોખાની કિંમત રૂ. 125 છે. 9 kg ચોખાની કિંમત 4 kg કઠોળની કિંમત જેટલી છે. 14 kg કઠોળની કિંમત 1.5 kg ચાની કિંમત જેટલી છે. 2 kg ચાની કિંમત 5 kg સૂકા મેવા ની કિંમત જેટલી છે. તો 11 kg સૂકા મેવાની કિંમત કેટલી થશે?

(A) રૂ. 2310
(B) રૂ. 3190
(C) રૂ. 4070
(D) રૂ. 4620

065. A man can walk uphill at the rate of 2.5 km/h and downhill at the rate of 3.25 km/h. If the total time required to walk a certain distance up the hill and return to the starting position is 4 hours 36 min, what is the distance he walked up the hill?

(A) 3.5 km (B) 4.5 km
(C) 5.5 km (D) 6.5 km

એક માણસ 2.5 કિ.મી./કલાકની ઝડપે ટેકરી ઉપર તરફ ચડી શકે છે અને 3.25 કિ.મી./કલાક ની ઝડપે નીચે ઊતરી શકે છે. જો ટેકરી પર ચોક્કસ અંતર ચડીને પ્રારંભિક સ્થાને પાછા ફરવા માટે લાગતો કુલ સમય 4 કલાક 36 મિનિટ હોય, તો તેણે ટેકરી પર ચડેલું અંતર કેટલું છે?

(A) 3.5 કિ.મી. (B) 4.5 કિ.મી.
(C) 5.5 કિ.મી. (D) 6.5 કિ.મી.

066. A train 280 m long is moving at a speed of 60 km/h. What is the time taken by the train to cross a platform 220 m long?

(A) 45 seconds (B) 40 seconds
(C) 35 seconds (D) 30 seconds

280 મી. લાંબી એક ટ્રેન 60 કિ.મી./કલાકની ઝડપે દોડી રહી છે. 220 મી. લાંબા પ્લેટફોર્મને પસાર કરવા માટે ટ્રેનને કેટલો સમય લાગશે?

(A) 45 સેકન્ડ (B) 40 સેકન્ડ
(C) 35 સેકન્ડ (D) 30 સેકન્ડ

Downloaded from websankul.com

067. Four investment accounts P, Q, R, S initially have Rs.500, Rs.1200, Rs.800, Rs.700 respectively. Money doubles every year. After 5 years, which pair has closest balance?

(A) P and Q
(B) R and S
(C) P and S
(D) Q and S

ચાર રોકાણ ખાતાઓ P, Q, R, S માં શરૂઆતમાં અનુક્રમે Rs.500, Rs.1200, Rs.800, Rs.700 જમા છે. નાણાં દર વર્ષે બમણા થાય છે. 5 વર્ષ પછી, કઈ જોડી પાસે સૌથી નજીકની રકમ (બેલેન્સ) હશે?

(A) P અને Q
(B) R અને S
(C) P અને S
(D) Q અને S

068. Directions: Eight students A, B, C, D, E, F, G and H are sitting in a row. C sits at one extreme end. A sits immediately to the right of C. B sits fourth from the left end. F sits immediately to the right of B. D sits immediately to the left of E. H sits at the extreme right end.

Who sits third from the left end?

(A) A
(B) F
(C) B
(D) G

સૂચનાઓ: આઠ વિદ્યાર્થીઓ A, B, C, D, E, F, G અને H એક હરોળમાં બેઠા છે. C એક અંતિમ છેડા પર બેઠો છે. A એ C ની તરત જ જમણી બાજુએ બેઠો છે. ઈ ડાબા છેડાથી ચોથા સ્થાને બેઠો છે. F એ B ની તરત જ જમણી બાજુએ બેઠો છે. D એ E ની તરત જ ડાબી બાજુએ બેઠો છે. H એકદમ જમણા છેડા પર બેઠો છે.

ડાબા છેડાથી ત્રીજા સ્થાને કોણ બેઠું છે?

(A) A
(B) F
(C) B
(D) G

069. In a certain code, if REMINISCE is coded as FDTJOJNFS; how is SANGUINE coded in that language?

(A) FOJVHOBT
(B) FOJVOHBT
(C) FOVJHBOT
(D) FJOVHBOT

એક નિશ્ચિત કોડમાં, જો REMINISCE ને FDTJOJNFS તરીકે કોડ કરવામાં આવે છે; તો તે જ ભાષામાં SANGUINE ને કેવી રીતે કોડ કરવામાં આવશે?

(A) FOJVHOBT
(B) FOJVOHBT
(C) FOVJHBOT
(D) FJOVHBOT

Downloaded from websankul.com

070. Sumit invests rupees 1,00,000 in some shares in the ratio 2:3:5 which pay dividends of 10%, 25% and 20% for that year respectively. Find his dividend income.

(A) Rs. 19,500
(B) Rs. 20000
(C) Rs. 30000
(D) Rs 22500

સુમિત કેટલાક શેરોમાં 2:3:5 ના પ્રમાણમાં 1,00,000 રૂપિયાનું રોકાણ કરે છે જે તે વર્ષ માટે અનુક્રમે 10%, 25% અને 20% ડિવિડન્ડ આપે છે. તેની ડિવિડન્ડ આવક શોધો.

(A) રૂ. 19,500
(B) રૂ. 20000
(C) રૂ. 30000
(D) રૂ. 22500

071. 2 men and 4 boys can do a piece of work in 10 days, while 4 men and 5 boys can do it in 6 days. Men and boys are paid wages according to their output. If the daily wage of a man is rupees 40, then daily wages of a boy will be (in rupees)?

(A) 14
(B) 12
(C) 16
(D) 15

2 પુરુષો અને 4 છોકરાઓ એક કામ 10 દિવસમાં કરી શકે છે, જ્યારે 4 પુરુષો અને 5 છોકરાઓ તે કામ 6 દિવસમાં કરી શકે છે. પુરુષો અને છોકરાઓને તેમના કામના આઉટપુટ મુજબ વેતન ચૂકવવામાં આવે છે. જો એક પુરુષનું દૈનિક વેતન 40 રૂપિયા હોય, તો એક છોકરાનું દૈનિક વેતન કેટલું હશે (રૂપિયામાં)?

(A) 14
(B) 12
(C) 16
(D) 15

072. A school class starts at 9 a.m. and ends at 12:26 p.m. Four periods are held during this time, with a 10-minute recess/break between two consecutive periods. What is the exact duration of each period?

(A) 32 minutes
(B) 48 minutes
(C) 44 minutes.
(D) 24 minutes

શાળાનો એક વર્ગ સવારે 9 a.m. વાગ્યે શરૂ થાય છે અને બપોરે 12:26 p.m. વાગ્યે પૂરો થાય છે. આ સમયગાળા દરમિયાન ચાર તાસ લેવામાં આવે છે, જેમાં બે ક્રમિક તાસ વચ્ચે 10-મિનિટનો વિરામ હોય છે. દરેક તાસનો ચોક્કસ સમયગાળો કેટલો છે?

(A) 32 મિનિટ
(B) 48 મિનિટ
(C) 44 મિનિટ
(D) 24 મિનિટ

Downloaded from websankul.com

073. A milkman mixes 20 Liters of water with 80 L of milk. After selling one-fourth of this mixture, he adds water to replenish the quantity that he has sold. What is the current proportion of water to milk?

(A) 2 : 3 (B) 1 : 2

(C) 1 : 3 (D) 3 : 4

એક દૂધવાળો 80 લીટર દૂધમાં 20 લિટર પાણી ભેળવે છે. આ મિશ્રણમાંથી ચોથો ભાગ વેચ્યા પછી, તે વેચેલી માત્રાની ભરપાઈ કરવા માટે પાણી ઉમેરે છે. પાણી અને દૂધનું વર્તમાન પ્રમાણ કેટલું છે?

(A) 2 : 3 (B) 1 : 2

(C) 1 : 3 (D) 3 : 4

074. Two cars start from Delhi and Mumbai towards each other at the same time with speed of 120 kmph and 160 kmph respectively. The distance between Mumbai and Delhi is 980 km. They cross each other at Sariska, somewhere along the way. Find the distance between Delhi to Sariska.

(A) 400 km (B) 480 km

(C) 420 km (D) 500 km

બે કાર દિલ્હી અને મુંબઈથી એક જ સમયે અનુક્રમે 120 કિ.મી./કલાક અને 160 કિ.મી./કલાકની ઝડપે એકબીજા તરફ મુસાફરી શરૂ કરે છે. મુંબઈ અને દિલ્હી વચ્ચેનું અંતર 980 કિ.મી. છે. તેઓ રસ્તામાં સરિસ્કા પાસે એકબીજાને ક્રોસ કરે છે. દિલ્હીથી સરિસ્કા વચ્ચેનું અંતર શોધો.

(A) 400 કિ.મી. (B) 480 કિ.મી.

(C) 420 કિ.મી. (D) 500 કિ.મી.

075. Two shopkeepers sell the same article at the same price and in the same quantity. One day, the first shopkeeper gives a discount of 25% on the price, while the second shopkeeper gives 25% extra quantity for the same price. From the customers point of view, which offer is more beneficial?

(A) First shopkeepers offer (B) Second shopkeepers offer

(C) Both are equal (D) Cannot be determined

બે દુકાનદારો સમાન વસ્તુ સમાન કિંમતે અને સમાન જથ્થામાં વેચે છે. એક દિવસ, પ્રથમ દુકાનદાર વેચાણ કિંમત પર 25% નું ડિસ્કાઉન્ટ આપે છે, જ્યારે બીજો દુકાનદાર તે જ વેચાણ કિંમતે 25% વધારાનો જથ્થો આપે છે. ગ્રાહકના દ્રષ્ટિકોણથી, કઈ ઓફર વધુ ફાયદાકારક છે?

(A) પ્રથમ દુકાનદારની ઓફર (B) બીજા દુકાનદારની ઓફર

(C) બંને સમાન છે (D) નક્કી કરી શકાતું નથી

Downloaded from websankul.com

076. Anuj reaches his office 5 minutes late if his speed from his house to the office is 5 km/hr. If he is running at a speed of 10 km/hr then he reaches the office 10 minutes early. What is the distance of the office from his house?

(A) 3 km
(B) 3.5 km
(C) 2.5 km
(D) 5 km

જો અનુજની તેના ઘરથી ઑફિસ સુધીની ગતિ 5 કિમી / કલાકની ઝડપની છે તો તે ઓફિસે 5 મિનિટ મોડો પહોંચે છે. જો તે 10 કિ.મી. / કલાકની ઝડપે દોડીને જાય છે તો તે ઓફિસે 10 મિનિટ વહેલો પહોંચે છે. તેના ઘરથી ઓફિસ સુધીનું અંતર કેટલુ હશે?

(A) 3 કિ.મી.
(B) 3.5 કિ.મી.
(C) 2.5 કિ.મી.
(D) 5 કિ.મી.

077. The volume of a right circular cone is (2200/7) cm^3 and its height is 12 cm. Find its slant height.

(A) 9 cm (B) 11 cm
(C) 16 cm (D) 13 cm

એક સીધા ઊભા ગોળાકાર શંકુનું ઘનફળ (2200/7) ઘન સે.મી છે અને તેની ઉંચાઇ 12 સે.મી. છે. તેની ત્રાંસી/ઢાળ વાળી બાજુ ની ઉંચાઇ શોધો.

(A) 9 સે.મી. (B) 11 સે.મી.
(C) 16 સે.મી. (D) 13 સે.મી.

078. The difference between the compound interest and the simple interest for 2 years on a sum of money is 40. If the simple interest for 2 years is 1500, what is the rate of interest?

(A) 4.56% (B) 6.42%
(C) 8% (D) 5.33 %

કોઈ એક રકમ પર 2 વર્ષ માટે ચક્રવૃદ્ધિ વ્યાજ અને સાદા વ્યાજ વચ્ચેનો તફાવત 40 છે. જો 2 વર્ષ માટે સાદું વ્યાજ 1500 છે, તો વ્યાજનો દર શું છે?

(A) 4.56% (B) 6.42%
(C) 8% (D) 5.33 %

Downloaded from websankul.com

079. Village A has a population of 52000, which is decreasing at the rate of 1500 per year. Village B has a population of 32,000 which is increasing at the rate of 1000 per year. In how many years will the population of two villages be equal?

(A) 13 (B) 8

(C) 15 (D) 21

ગામ A ની વસ્તી 52000 છે, જે દર વર્ષે 1500 ના દરે ઘટી રહી છે. ગામ B ની વસ્તી 32,000 છે જે દર વર્ષે 1000 ના દરે વધી રહી છે. કેટલા વર્ષમાં બે ગામની વસ્તી સમાન હશે?

(A) 13 (B) 8

(C) 15 (D) 21

080. In an election which was contested by two candidates, X and Y. Total 3000 votes were polled. Suppose that every vote was polled in favour of either of the two candidates. Candidate Y got 30% of the vote polled and was defeated. Then what was the margin of defeat?

(A) 1200 votes (B) 800 votes

(C) 500 votes (D) 1600 votes

X અને Y નામના બે ઉમેદવારો દ્વારા લડવામાં આવેલી ચૂંટણીમાં કુલ 3000 મત મળ્યા હતા. ધારો કે દરેક મત બે ઉમેદવારોમાંથી કોઈપણ એકની તરફેણમાં પડ્યો હતો. ઉમેદવાર Y ને 30% મત મળ્યા અને તે હાર્યો. હારનું માર્જિન શું હતું?

(A) 1200 votes (B) 800 votes

(C) 500 votes (D) 1600 votes

WEBSANKUL

Downloaded from websankul.com